GJSN030010052024

Presented on : 11-06-2024
Registered on : 11-06-2024
Decided on : 17-04-2026
Duration : 1 years, 6 months, 6 days

**IN THE COURT OF**
**ADDI CIVIL JUDGE & J.M.F.C AT**
**LIMBDI,SURENDRANAGAR**
**Presided Over by MR.M.R.TRIVEDI**

**RCS/251/2024**

**Exhibit No.:52**

**Plaintiff:**
P.G.V.C.L. LIMBDI RURAL SUB DIVISION
Age: 0 Occupation :
Address: BRANCH OFFICE-LIMBDI RURAL SUB DIVISION, TA-LIMBDI, DIST-SURENDRANAGAR. REGISTERD HEAD OFFICE-NAVA MAVA ROAD, RAJKOT.

**VERSUS**

**Defendant:**
HEIRS OF LATE JAYANTILAL NANDLAL
Age: 0 Occupation :
Address: AT-SHIYANI, NEAR KHANDESHWAR MAHADEV MANDIR, TA-LIMBDI,DIST-SURENDRANAGAR

1:KAMLESHBHAI JAYANTIBHAI
HEIRS OF MR. JAYANTILAL NANDLAL
Age: 48 Occupation :
AT-SHIYANI
NEAR KHANDESHWAR MAHADEV MANDIR
TA-LIMBDI, DIST-SURENDRANAGAR

2:ZALA JAYDEVSINH PRAVINSINH AMARSANG
Age: 40 Occupation :
AT-SHIYANI
NEAR KHANDESHWAR MAHADEV MANDIR

------------------------------------------------------------------------------
Advocate for Plaintiff: H N RAVAL
Advocate for Defendant NO.1: NO ONE APPEAR

Advocate for Defendant NO.2: B D JHALA

**JUDGMENT**
**(Delivered on 17-04-2026)**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદી કંપનીની મુખ્ય કચેરી રાજકોટ તથા પેટા ઓફિસ લીંબડી મુકામે આવેલ છે. વાદી કંપની ઈન્ડિયન ઈલેકટ્રીક સીટી એકટ તથા ઈલેકટ્રીક સીટી સપ્લાયર્સ એકટ મુજબ સ્ટેટયુટરી વિજ કંપની લાયસન્સી છે અને પી.જી.વી.સી.એલ. વિજ કંપની ના નામે લાયસન્સી છે જે વિજળી વાપરનારા ગ્રાહકોને ધારા ધોરણ મુજબ કાયદા અને કરાર મુજબ તથા પી.જી.વી.સી.એલ.ના ધારા ધોરણ અને નિતિ નિયમોને આધિન વિજ પુરવઠો પુરો પાડે છે. પ્રતિવાદી વાદી કંપનીના રજીસ્ટરે ગ્રાહક નં. ૨૫૨૬૦/૦૦૪૭૪/૪ થી ગ્રાહક તરીકે નોંધાયેલ છે. વાદી કંપનીના ચેકીંગ અધિકારીઓએ તા. ૩૦/૦૫/૨૦૨૨ ના રોજ ચેકીંગ કરતા પ્રતિવાદીએ ચેકીંગશીટની વિગતે મીટર બાયપાસ કરી પાવરચોરી કરેલ હોય સ્થળ ઉપર ચેકીંગશીટની વિગતે ૧૪૨૪ વોટ લોડ વાપરતા પકડાયેલ હોય જેથી વાદી કંપનીએ આ કામના પ્રતિવાદીને બીલ મોકલાવેલ તેમ છતાં પ્રતિવાદીએ વાદી કંપનીની પાવરચોરીની રકમ ભરપાઈ કરેલ નહી જેથી તે રકમ ભરપાઈ કરવા માટે પ્રતિવાદીને લીગલ નોટીસ આપેલ જે નોટિસ પ્રતિવાદીને બજી ગયેલ છે. આમ પાવરચોરીના પ્રતિવાદી પાસે વાદી કંપનીની બીલની રકમ રૂ.૨૩,૫૯૭.૦૩ તથા ડી.પી.સી. ના રૂ.૬૪૪૮.૮૭ પૈસા મળી કુલ રૂ.૩૦,૦૪૫.૯૦ પૈસા બાકી લ્હેણા નીકળે છે. જેથી વાદી બોર્ડના નિયમ મુજબ ૧૮ % ના ચડતા વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલ્કતથી વસુલ કરી શકાય તેવુ વાદીના લાભમા અને પ્રતિવાદી સામે હુકમનામુ કરી આપવા વાદીએ હાલનો દાવો કરેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીઓને નોટીસ કરવામા આવેલ. જેમા પ્રતિવાદી નંબર–૦૧ને નોટીસ ન બજતા આંક–૧૮ ની અરજી મુજબ છેલ્લા જાણીતા સરનામે વાદી દ્ધારા ચોડી બજવણી કરાવરાવેલી જે આંક–૧૮ થી રજુ છે જ્યારે પ્રતિવાદી નંબર–૦૨ ને નોટીસ બજતા તેઓના વિ.વ.શ્રી મારફતે અત્ર ેની કોર્ટ સમક્ષ હાજર રહી દાવાનો જવાબ રજુ કરવા મુદત માંગેલ ત્યારબાદ મુદત તારીખે પ્રતિવાદી નંબર–૦૨ તરફે આંક– ૧૦ થી દાવાનો જવાબ રજુ કરેલ છે જેમાં પ્રતિવાદીએ વાદીના દાવાની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વાદી કંપનીના અધિકારીઓ ચેકીંગ કરવા આવેલ નથી તેમજ પ્ર તિવાદીએ મીટર બાયપાસ કરી વીજ ચોરી કરેલ નથી. આમ,મીટરને બાયપાસ કરી મીટરમા નોંધાતો વિજ વપરાશ ગ્રાહક પોતાની ઈચ્છા પ્રમાણે ગમે ત્યારે ચાલુ બંધ કરી શકે તેવી વ્યવસ્થા કરી પાવર ચોરી કરેલ હોવાની હકીકત ખરી નહિ હોવાનુ જણાવી અને પોતે ચેકીંગ કરેલ મકાનના માલિક ન હોવાનુ જેથી પોતે કોઈ વીજ ચોરી કરેલ ન હોય તેમ છતા વાદી કંપનીના અધિકારીઓએ મનઘડત રીતે અરજી કરી દાવો કરેલ હોય વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૩) સદરહું દાવાના ન્યાયીક નિર્ણય સારુ આંક– ૧૯ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

<u>:: મુદ્દાઓ ::</u>

(1) શું વાદી કંપની પુરવાર કરે છે કે, દાવામા જણાવેલ હકીકત મુજબ પ્રતિવાદી દ્વારા મંજુર કરેલ વિજ પાવર કરતા વધારે પાવરનો વપરાશ કરી વિજ ચોરી કરેલ છે ?

(2) શું વાદી પુરવાર કરે છે કે, તેઓને પ્રતિવાદી પાસેથી રૂા. ૩૦,૦૪૫.૯૦ /– વશુલાત પાત્ર નિકળે છે?

(3) શું વાદી પુરવાર કરે છે કે, તેઓ વ્યાજ લેવા હકકદાર

છે ? જો હકકદાર છે તો કેટલા ટકા ?

(4) શુ હુકમ અને હુકમનામુ ?

(૪) ઉપરોકત મુદ્દાના મારા ન્યાયીક નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

(1) નકારમા,
(2) નકારમા,

(3) નકારમા,

(4) આખરી હુકમ મુજબ.

(૫) આ કામે વાદી તરફથી નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત. |
|---|---|---|
| ૧. | ૨૧ | હિતેષકુમાર મુળજીભાઈ સુતરીયાનું સોગંદનામુ. |
| ૨. | ૪૦ | રાકેશ શામજીભાઈ બારડનુ સોગંદનામુ. |

**દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત. |
|---|---|---|
| ૧. | ૨૩ | પ્રતિવાદીના ખાતાની એબસ્ટ્રેક સર્ટીફિકેટ સાથે |
| ૨. | ૨૪ | ચેકીંગસીટ (તપાસણી અહેવાલ) |
| ૩. | ૨૫ | સ્થાનીક જગ્યાએ પાડેલ ફોટોગ્રાફ્સ |
| ૪. | ૨૬ | પીરીયડ ઓફ એસેસમેન્ટ |
| ૫. | ૨૭ | કામ ચલાઉ આકારણીબીલ |
| ૬. | ૨૮ | ૧૨૬ મુજબનુ લાઇટબીલ |
| ૭. | ૨૯ | કન્ઝ્યુમર કન્ઝમ્પશનની ડીટેઈલ |
| ૮. | ૩૦ | ગેટપાસ |
| ૯. | ૩૧ | પ્રતિવાદીને ફરી વીજ જોડાણ ચાલુ કરવા લખેલ પત્ર |

| | | |
|---|---|---|
| ૧૦. | ૩૨ | પરત આવેલ કવર |
| ૧૧. | ૩૩ | પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ |
| ૧૨. | ૩૪ | એક્નોલેજમેન્ટ સ્લીપ |
| ૧૩. | ૩૫ | સાઈટ વેરીફિકેશન |
| ૧૪. | ૩૬ | ડી.પી.સી.પત્રક |
| ૧૫. | ૩૭ | પ્રફોર્મા–૧૨ |
| ૧૬. | ૩૮ | આર્ટીકલ–૧૩ની વિગત તથા ગુજરાત સપ્લાય કોડ ડી.પી.સી. ના કામે |

આ કામે વાદી તરફે ઉપરોકત મુજબના પુરાવા રજુ થયા બાદ વાદી તરફે આંક– ૪૮ થી કલોઝીંગ પુરશીશ રજુ કરવામાં આવેલ છે. અને આથી વાદીનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

( ૬ ) ત્યારબાદ આ કામ પ્રતિવાદીના પુરાવા માટે રાખવામાં આવેલ છે. જે અન્વયે પ્રતિવાદી તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

<u>મૌખિક પુરાવો :–</u>

| **ક્રમ** | **આંક** | **વિગત.** |
|---|---|---|
| ૧. | ૫૦ | પ્રતિવાદી નંબર–૦૨ ઝાલા જયદેવસિંહ પ્રવિણસિંહ અમરસિંહ ની સરતપાસનુ સોગંદનામુ. |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| **ક્રમ** | **આંક** | **વિગત.** |
|---|---|---|
| ૧. | ૪૨ | પ્રતિવાદી નં–૦૨ નુ આધારકાર્ડ(ભાવનગરના એડ્રેસવાળુ) |
| ૨. | ૪૩ | પ્રતિવાદી નં–૦૨ નુ ચુંટણીકાર્ડ(ભાવનગરના એડ્રેસવાળુ) |
| ૩. | ૪૪ | પ્રતિવાદી નં–૦૨ નુ રેશનકાર્ડ ની નકલ |
| ૪. | ૪૫ | પ્રતિવાદી નં–૦૨ નાઓનો સિક્યુરીટીનો જોઈનીંગ લેટર |

| | | |
|---|---|---|
| ૫. | ૪૬ | પ્રતિવાદી નં–૦૨ નાઓનુ ડ્રાઈવિંગ લાયસન્સની નકલ |
| ૬. | ૪૭ | લાઈટબીલની કોપી |

આ કામે પ્રતિવાદી તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. ત્યારબાદ આ કામના પ્રતિવાદી તરફે ઉપરોકત પુરાવો રજુ કર્યા બાદ આંક– ૫૧ થી કલોઝિંગ પુરસીસ રજુ કરતાં પ્રતિવાદીનો પુરાવાનો સ્ટેજ બંધ કરવામાં આવેલ છે.

## // કારણો //

**મુદ્દા નં. ૧ થી ૩ ની ચર્ચા :–**

(૭) આ કામે વાદી તરફે આંક– ૨૧ થી વાદી કંપનીના અધિકારીને તપાસેલ છે. જેઓ દાવા અરજી મુજબની હકીકતને સમર્થનકારી પુરાવો જણાવે છે અને તેમના પુરાવામાં આંક– *૨૩* થી *૩૮* વાળા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે જે દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા દાવાને સમર્થન કરતો જણાય આવે છે. જ્યારે હાલના કામે પ્રતિવાદી પક્ષે કરેલ ઉલટ તપાસમાં વાદી કંપનીના કર્મચારીઓ દ્વારા વિજ ચેકિંગ અનુસંધાને ચેકીંગ કરેલ મિલકત આ કામના પ્રતિવાદી નંબર–૦૨ નાઓની ન હોવાનો બચાવ પ્રસ્તુત કરેલ છે. જે અનુસંધાને હાલના પ્રતિવાદી નંબર–૦૨ હાલની કંપનીના ગ્રાહક છે કે કેમ તે અનુસંધાને ગ્રાહક (CONSUMER) ની વ્યાખ્યા ધ્યાને લેવી અનિવાર્ય છે જે નીચે મુજબ છે,

***Consumer 2(15):*** *"consumer" means any person who is supplied with electricity for his own use by a licensee or the Government or by any other person engaged in the business of supplying electricity to the public under this Act or any other law for the time being in force and includes any person whose premises are for the time being connected for the purpose of receiving electricity with the works of a licensee, the Government or such other person, as the case may be;*

જ્યારે ઉપરોક્ત ગ્રાહકની વ્યાખ્યા અનુસંધાને બંન્ને પક્ષકારો દ્વારા રજુ કરવામા આવેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામા આવે તો આંક–૨૧ તથા ૪૦ થી તપાસવામા આવેલ સાહેદ દ્વારા તેમની ઉલટતપાસમા રેઈડ સમયે પ્રતિવાદી નંબર–૦૨ વાદગ્રસ્ત બિલવાળા

મકાનના માલિક ન હોવા બાબતે સવાલ કરતા જવાબમા જણાવેલ છે કે રેઈડ સમયે પ્રતિવાદી નંબર–૦૧ મકાનના માલીક હતા અને ત્યારબાદ મકાનનુ વેચાણ પ્રતિવાદી નંબર–૦૨ ને કરવામા આવેલ. વધુમા તે હકીકત સ્વીકારેલ છે કે દાવાના કામે પ્રતિવાદી નંબર–૦૨ નાઓએ પ્રતિવાદી નંબર–૦૧ પાસેથી મકાન વેચાણ કરેલ તેના દસ્તાવેજ રજુ કરેલ નથી. જ્યારે બીજી તરફ પ્રતિવાદીનાઓએ તેમના જવાબના સમર્થનમા અને દાવા અરજી વિરૂધ્ધ આંક–૫૦ થી જુબાની રજુ કરેલ છે જેની ઉલટતપાસમા આ કામના પ્રતિવાદી નંબર–૦૧ પાસેથી તેમના પિતાએ તેના નામે મકાન ખરીદ કરેલ હોવાનુ જાહેર કરેલ છે તથા શિયાણી ગામ ખાતે તેમના પિતા ખડેશ્વર મહાદેવ મંદિર વાળા મકાનમા જુનુ વિજ કનેક્શન ચાલી આવેલ હોવાનુ સ્વીકારે છે.વધુમા તે વીજ કનેક્શન તેમના નામે તબદીલ કરવા માટે કોઈ અરજી કરેલ ન હોવાનુ જણાવેલ છે. વધુમા પ્રતિવાદી નંબર–૦૨ દ્બારા મકાનને લગતા વિજ કંપની તરફથી પત્રો આવતા હોવાનુ તથા સદર મકાનમા વિજ કનેક્શન બાબતે ચેકીંગ કરેલ હોવાનુ સ્વીકારેલ છે. જ્યારે વાદી દ્બારા તેમના પુરાવાના સમર્થનમા પ્રસ્તુત કરેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામા આવે તો આંક–૩૫ થી ૩૭ સુધી રજુ કરવામા આવેલ દસ્તાવેજોમા તકરારી બીલ વાળુ મકાન આ કામના પ્રતિવાદી નંબર–૦૨ નાઓએ ખરીદ કરેલ હોવાનુ જાહેર કરેલ છે. જ્યારે વાદી દ્બારા રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ આંક– ૨૩ થી ૩૮ ધ્યાને લેવામાં આવેતો તે બીલો વાદી કંપનીના ગ્રાહક નં ૨૫૨૬૦/૦૦૪૭૪/૪ નાઓનુ છે. જે પ્રતિવાદિ નંબર–૦૧ ના મરહુમ પિતા જયંતીલાલ નંદલાલ નાઓનુ ચાલી આવેલ હોવાનુ જણાવેલ છે જેના વારસદાર તરીકે વાદીએ પ્રતિવાદી નંબર–૦૧ કમલેશભાઈ જયંતિભાઈ નાઓને જોડેલ છે. જ્યારે પ્રતિવાદી નંબર–૦૨ દ્બારા તેમના પિતાએ પ્રતિવાદી નંબર–૦૧ પાસેથી મોજે શિયાણી ખડેશ્વર મહાદેવના મંદિર પાસેનુ મકાન ખરીદ કરેલ હોવાનુ સ્વીકારેલ છે. જેથી વાદી કંપની દ્બારા રજુ કરેલ દાવા અરજી તથા રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ મુજબ મરહુમ જયંતીલાલ નંદલાલના જે મકાનમા

કલમ–૧૨૬ મુજબની કાર્યવાહી કરવામા આવેલી તે જ મકાન પ્રિતવાદી નંબર–૦૨ નાઓએ ખરીદ કરેલ હોવાનુ માનવાને કારણ છે.

આમ, ઉપરોક્ત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામા આવે તો હાલના કામે તકરારી બીલ વાળુ મકાન પ્રતિવાદી નંબર–૦૨ દ્વારા તેમના પિતાએ તેમના નામે ખરીદ કરેલ હોવાનુ, શિયાણી ગામ ખાતે ખડેશ્વર મહાદેવ મંદિર પાસે તેમના પિતા રહેતા હોવાનુ તથા તે મકાનમા તેમના પિતા જુનુ વિજ કનેક્શન ચાલી આવેલ હોવાનુ સ્વીકારેલ હોય તથા વીજ કનેક્શન તેમના નામે તબદીલ કરવા કોઈ અરજી કરેલ ન હોવાનુ જણાવતા હોય તેવા સંજોગોમા પ્રતિવાદીના નામજોગ રેકર્ડ વાદી કંપનીમા મોજુદ ન હોવાનુ માનવાને કારણ છે. જ્યારે પ્રતિવાદી દ્વારા તકરારી બીલ વાળુ મકાન તેમના નામે ખરીદ કરેલ હોવાની હકીકત સ્વીકારેલ હોય તથા તેમા જુનુ વીજ કનેક્શન ચાલી આવેલ હોય તેવા સંજોગોમા વાદી કંપની દ્વારા તકરારી બીલ વાળુ મકાન પ્રતિવાદી નંબર–૦૨ ની માલિકીનુ હોવાની હકીકત વેચાણ દસ્તાવેજ રજુ કરી પુરવાર કરવી અનિવાર્ય નથી. જ્યારે પ્રતિવાદી દ્વારા આંક–૪૨ થી ૪૭ સુધી તેઓ ભાવનગર મુકામે રહેતા હોવાના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવાના માત્રથી તકરારી બિલવાળુ મકાન તેમની માલિકીનુ ન હોવાનુ માની શકાય નહિ. જ્યારે કલમ–૦૨(૧૫) મા ગ્રાહક ની વ્યાખ્યા વંચાણે લેવામા આવે તો તેમા કોઈ પણ વ્યક્તિને અને વ્યક્તિની જગ્યામા વીજળી પુરી પાડવામા આવતી હોય તેને ગ્રાહક તરીકે ગણી શકાય. જ્યારે હાલના કામે ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ પ્રતિવાદી નંબર–૦૨ ના નામજોગ કોઈ વિજ કનેક્શન ચાલી આવેલ નથી પરંતુ પ્રતિવાદી નંબર–૦૨ નાઓ જે મકાનના માલિક છે ત્યા વાદી કંપની દ્વારા વીજ જોડાણ પુરુ પાડવામા આવેલ હોય કલમ–૦૨(૧૫) ની વ્યાખ્યામા જણાવ્યા મુજબ પ્રતિવાદી નંબર–૦૨ નો સમાવેષ "*and includes any person whose premises are for the time being connected for the purpose of receiving electricity with the works of a licensee, the Government or such other person, as*

*the case may be;*" મા થતો હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ છે.

(૦૮)વધુમાં હાલના કામે વાદી દ્વારા રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ પૈકી આંક– ૨૩ થી ૩૮ સુધી રજુ કરેલા બીલો ધ્યાને લેવામાં આવેતો તે બીલો વાદી કંપનીના ગ્રાહક નં ૨૫૨૬૦/૦૦૪૭૪/૪ નાઓનુ છે. જે હાલના દાવાના કામે વાદી કંપની દ્વારા સદર ગ્રાહક નંબર ધરાવનાર વ્યકિતની માલિકીની જગ્યાએ રેઈડ કરેલ હોવાનુ જણાવેલ છે. જેથી હાલના કામે વાદી કંપની દ્વારા પ્રતિવાદીના ગ્રાહક નં ૨૫૨૬૦/૦૦૪૭૪/૪ વાળી મિલકતમાં રેઈડ કરેલ હોવાની હકિકત પુરવાર થાય છે. ત્યારબાદ વાદી કંપનીએ રજુ કરેલા મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓનુ મુલ્યાંકન બાબતે ચર્ચા કરવામાં આવેતો અત્રેની અદાલતને નામદાર ગુજરાત હાઈકોર્ટના ***Gajendrasinh P.Zala Versus Paschim Gujarat Vij Company Ltd*** [1]ના ચુકાદામા નીચે મુજબ ઠરાવેલ છે.

> *22.1 Once the witness has deposed with regards to executing of certain documents and the contents therein, it is for the other side to put him to cross-examination to disprove or create doubt with regards to what he has stated in his evidence-in-chief. We do not nd any such exercise being undertaken when this witness has been cross-examined, and therefore, in the opinion of the Court, on the strength of Exhibits 82, 83 and deposition of the witness who has authored Exhibit 82 and 83 being examined at Exhibit 93, the connection of the appellant with the premises where the electricity was being illegally consumed is established.*
>
> *22.2 In view of the findings given by the Trial Court in this regards so also as the finding recorded by this Court on the basis of the documents, the Court is of the view that no interference is required insofar as the nexus of the appellant with the premises where electricity was being illegally consumed is required to be interfered with.*
>
> *23 In this connection, the Court may refer to*

[1] 2026 (1) GLR 468

*and rely upon the decision of the Apex Court in case of Punjab State Electricity Board and Anr. Vs. Ashwani Kumar reported in 2010 7 SCC 569, wherein the Apex Court has held that the reports prepared by the officers of the Electricity Board and which is done in the discharge of their duties are required to be treated as cogent material on record to arrive at any findings. The Court may reproduce relevant para which would read as under:*

*21. The inspection report is a document prepared in exercise of its official duties by the officers of the Corporation. Once an act is done in accordance with law, the presumption is in favour of such act or document and not against the same. Thus, there was specific onus upon the consumer to rebut by leading proper and cogent evidence that the report prepared by the officers was not correct.*

*24 The Court may refer to Section 114 of the Indian Evidence Act, 1872 which permits the Court to presume existence of certain facts which the Court may think likely to have happened, regard being had to the common course of natural events, human conduct and public and private business. Illustration- e of Section 114 reads that the Court may presume that judicial and official acts have been regularly performed.*

ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત હાલના કેસની હકિકતો સાથે સરખાવાવમાં આવેતો, હાલના કામે વાદિપક્ષે તપાસેલ સાહેદ દ્બારા દાવા હકિકતોને સંપુર્ણ સમર્થન કરતો પુરાવો પ્રસ્તુતત કરેલ છે જેઓ રેઈડ સમયે હાજર હતા અને જેમના દ્બારા તમામ કાર્યવાહી કરવામાં આવેલ છે તેમના દ્બારા વાદીપક્ષે રજુ કરેલા તમામ દસ્તાવેજી પુરાવાઓને પુરવાર કરેલ છે. જ્યારે બીજી તરફ વાદીના વિ.વ.શ્રી દ્બારા પ્રતિવાદીની ઉલટ તપાસ દરમ્યાન તે હકિકત સફળતા પુર્વક રેકોર્ડ પર લાવેલ છેકે, દાવામાં જણાવ્યા મુજબ પ્રતિવાદીના માલિકીની ઘરમા ચેકીંગ કરવામાં આવેલ, જે ચેકીંગ દરમ્યાન તૈયાર કરવામાં આવેલ તમામ દસ્તાવેજોને તેમજ પુરવણી બિલને પડકારવામાં

આવેલ નથી. વધુમાં પ્રતિવાદીને વાદી કંપની દ્વારા પુરવણી બિલ મુજબની રકમ ભરપાઈ કરવા માટે નોટીસ આપેલ હોવા છતા તેમના દ્વારા બિલની રકમ ભરપાઈ કરેલ ન હોઈ તેવા સંજોગોમાં વાદીપક્ષે રજુ કરેલા દસ્તાવેજો બાબતે કમલ ૧૧૪ મુજબનુ અનુમાન કરવાનુ રહે છે.

(૦૯) જ્યારે હાલના કામે વાદી પક્ષે રજુ કરેલા દસ્તાવેજો ધ્યાને લેવામાં આવેતો તે હકિકત ફલિત થાય છે કે વાદી કંપની દ્વારા તા.૩૦/૦૫/૨૦૨૨ નારોજ પ્રતિવાદીની માલિકીની ઘરમા ચેકિંગ હાથ ધરવામાં આવેલ. જે હકિકત આંક–૨૪ થી રજુ કરેલ ચેકિંગ શીટમાં જાહેર કરેલ છે. જ્યારે આંક–૨૬ થી રજુ કરેલ દસ્તાવેજ ધ્યાને લેવામાં આવેતો તે બિલમાં ચેકિંગ તારીખ–૩૦/૦૫/૨૦૨૨ દર્શાવેલ છે. વધુમાં તે નોંધવુ અનિવાર્ય છે કે વાદી કંપની દ્વારા તા.૩૦/૦૫/૨૦૨૨ નારોજ ચેકિંગ કર્યા બાદ અનેક્ષર–૬ મુજબ બિલની રકમ ભરપાલ કરવા માટે તા.૦૧/૦૬/૨૦૨૨ નારોજ નોટીસ આપેલ જે આંક–૨૭ થી રજુ છે. જે નોટીસમાં જણાવ્યા મુજબ પ્રતિવાદીએ દિન ૦૭ માં રકમ જમા કરાવેલ ન હોઈ પ્રતિવાદીના ઘરનુ વિજ કનેક્શન કાપી નાંખવામાં આવેલ. ત્યારબાદ આંક–૨૮ થી વાદી કંપની દ્વારા કલમ ૧૨૬ મુજબનુ પુરવણી બિલ રજુ કરેલ છે. જે પણ તા.૩૧/૦૫/૨૦૨૨ નુ હોવાનુ દર્શાવેલ છે. તેમ છતા વાદી કંપની દ્વારા સદર બિલની વસુલાત માટેની લિગલ નોટીસ ૦૧ વર્ષ બાદ એટલે કે તા.૦૨/૦૫/૨૦૨૩ નારોજ આપવામાં આવેલ છે. જે આંક–૩૨ થી ૩૪ રજુ છે. આમ, સદર પુરાવાઓ પરથી તે હકિકત સાબીત થાય છે કે તા.૩૦/૦૫/૨૦૨૨ નારોજ પ્રતિવાદીના ઘરે કરેલ ચેકિંગમાં પ્રતિવાદી જે ગેરકાયદેસર રીતે વિજ ચોરી કરતા પકડાયેલા તે અનુસંધાને વાદી કંપની દ્વારા પુરવણી બિલ ૩૧/૦૫/૨૦૨૨ નારોજ બનાવી દિધેલ હોવા છતા, તથા પ્રતિવાદી દ્વારા આંક–૨૭ થી નોટીસ આપ્યા બાદ દિન ૦૭ માં પ્રતિવાદીએ રકમ ભરેલ ન હોવા છતા વાદી કંપની દ્વારા

રકમ વસુલાત માટે ૦૧ વર્ષ મોડી નોટીસ આપેલ છે.

(૧૦) હાલના દાવાનાકામે તે નોંધવુ અનિવાર્ય છેકે ચેકિંગ તા.૩૦/૦૫/૨૦૨૨ નારોજ કરવામાં આવેલ. જે ચેકિંગ અનુસંધાને તા.૦૧/૦૬/૨૦૨૨નારોજ નોટીસ આપવામાં આવેલ. જે રકમ પ્રતિવાદીએ જમા કરાવેલ નહિ કે પ્રતિવાદી દ્વારા ચેકિંગ શીટને પડકારેલ નહિ. તેવા સંજોગોમાં તે દિવસથી વાદી કંપનીનુ પ્રતિવાદી પાસેથી સદર રકમ વસુલાત લેવા માટેનુ કારણ ઉપસ્થિત થાય છે. જ્યારે વાદી કંપની દ્વારા ઈલેક્ટ્રીસીટી એક્ટની કમલ ૧૨૬ હેઠળ વિજબીલની બાકી રકમ મેળવવા હાલનો દાવો તા. ૧૧/૦૬/૨૦૨૪ નારોજ દાખલ કરવામાં આવેલ છે. તેવા સંજોગોમાં તે સવાલ ઉપસ્થિત થાય છેકે શુ વાદી કંપનીનો દાવો સમય મર્યાદા બહારનો છે કે કેમ? તે સવાલના જવાબ અનુસંધાને અત્રેની અદાલતને ધી ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ ૫૬ અને ધી ગુજરાત ઈલેકટ્રીસીટી સપ્લાય કોડની કલમ ૬.૮૪ ધ્યાને લેવી અનિવાર્ય જણાય છે. જેની મહત્વની જોગવાઈઓ નિચે મુજબ છે.

> *Sec. 6.84 Recovery of Arrears:- No sum due from any consumer, on account of default in payment shall be recoverable after the period of two years from the date when such sum became first due unless such sum has been shown continuously as recoverable as arrear of charges for electricity supplied as per Section 56 of the Act.*
>
> *Sec. 56 Disconnection of supply in default of payment:-*
> *(1) ****
> *(2) Notwithstanding anything contained in any other law for the time being in force, no sum due from any consumer, under this section shall be recoverable after the period of two years from the date when such sum became first due unless such sum has been shown continuously as recoverable as arrear of charges for electricity supplied and the licensee shall not cut off the*

*supply of the electricity.*

આમ, ઉપરોકત જોગવાઈધ્યાને લેતા, વાદી દ્વારા રજુ કરેલા પુરાવાઓ પરથી તે હકિકત પુરવાર થાય છે કે તા.૩૦/૦૫/૨૦૨૨ નારોજ પ્રતિવાદીની માલિકીની દુકાને કરેલ રેઈડ અનુસંધાને આંક–૨૪થી ચેકિંગ શીટ રજુ કરેલ છે. જેનુ પ્રોવીઝનલ એસેસમેન્ટ આંક–૨૬ થી રજુ કરેલ છે. જે અનુસંધાને રકમની ભરપાઈ કરવા માટે વાદી કંપની દ્વારા આંક–૨૭ થી રજુ કરેલ તા.૦૧/૦૬/૨૦૨૨ ની નોટીસ આપી દિન ૦૭માં રકમ ભરપાઈ કરવાનુ જણાવેલ. જે રકમની ભરપાઈ પ્રતિવાદીએ કરેલ ન હોઈ વાદી કંપની દ્વારા અધીનીયમની કલમ ૧૨૬ મુજબ બિલ તૈયાર કરેલ જે આંક–૨૮થી રજુ છે જેમાં રકમ ભરપાઈ કરવાની છેલ્લી તારીખ દર્શાવેલ નથી. જે રકમ પ્રતિવાદી દ્વારા ભરપાઈ ન કરતા તા.૩૦/૦૫/૨૦૨૨ અથવા તો તા.૦૮/૦૬/૨૦૨૨ નારોજ થી વાદી કંપનીએ પ્રતિવાદી વિરૂધ્ધ કલમ ૧૨૬ ની રકમ વસુલાત કરવાનો સમયગાળો શરૂ થાય છે. જે સમયગાળો ઉપરોકત કલમોની જોગવાઈ મુજબ ૦૨ વર્ષની અંદર એટલે કે તા. ૨૯/૦૫/૨૦૨૪ અથવા તા.૦૭/૦૬/૨૦૨૪ નારોજ પુર્ણ થાય છે. જ્યારે કલમ ૫૬ની જોગવાઈ ધ્યાને લેવામાં આવેતો તેમાં *"Notwithstanding anything contained in any other law for the time being in force,"* શબ્દ પ્રયોગ કરવામાં આવેલ છે. જે કલમની જોગવાઈ મુજબ સમય મર્યાદા અનુસંધાને બીજા કોઈ કાયદાની કલમ લાગુ કરી શકાય નહિ. જેથી હાલનો દાવો ધી ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ ૧૨૬ હેઠળ દાખલ કરેલ હોય અને ગુજરાત ઈલેક્ટ્રીસીટી સપ્યાલ કોડ ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેમાં કરેલ જોગવાઈ મુજબ વસુલાત થતી રકમ અનુસંધાને કાર્યવાહી ૦૨ વર્ષમાં કરવાની રહે છે. જે હાલના દાવામાં વાદી કંપની દ્વારા કરવામાં આવેલ ન હોવાનુ માનવાને કારણ છે. તેવા સંજોગોમાં વાદી કંપની પ્રતિવાદી પાસેથી

કલમ ૧૨૬ મુજબના બીલની બાકી રકમ વસુલાત લઈ શકે નહિ. જેથી મુદદા નં ૧ થી ૩ નો જવાબ નકારમાં અને મુદદા નં ૪ અનુસંધાને નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

**–//હુકમ//–**

૧. વાદીનો દાવો સમયમર્યાદા બહારનો હોય નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. દાવાનો ખર્ચ પક્ષકારોએ પોત પોતાનો જાતે ભોગવવો.

૩.હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

ઉપરોકત હુકમ આજરોજ તા. ૧૭ થી, માહે : એપ્રિલ , સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

મુકામ: લીંબડી.
તારીખ : ૧૭–૦૪ –૨૦૨૬

મોહિત આર.ત્રિવેદી
અધિક સિવિલ જજ,
લીંબડી.(GJ01575)